જન્મદિને વધામણી

અતુલ અમીન
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો.

જિલ્લાકક્ષાની વૉલીબૉલ સ્પર્ધામાં આર જી સ્કૂલનો અવ્વલ દેખાવ

ગાંધીનગર, તા. ૯

જિલ્લાકક્ષાની વૉલીબૉલ સ્પર્ધામાં આર જી પટેલ માધ્યમિક અને ઍસ બી પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓએ વિજેતાપદ મેળવીને ન માત્ર શાળાનું ગૌરવ વધાર્યું હતું પરંતુ બાર વિદ્યાર્થીનીઓએ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પણ પોતાની પસંદગી નિશ્ચિત કરી હતી.

ગઈકાલે સૅક્ટર-૭માં સ્થિત જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે આ સ્પર્ધા યોજાઈ હતી, જેમાં અન્ડર-૧૭ વિભાગમાં સ્કૂલની વિદ્યાર્થીનીઓએ આ વિજેતા પદ પ્રાપ્ત કર્યું હતું, જે પૈકી પાંચ વિદ્યાર્થીનીઓની પસંદગી રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી હતી. આ વિજેતા ટીમમાં જીલ ઍસ રાવલ, જહાન્વી ટી બારોટ, વાગ્મી સી જોષી, માનસી ઍસ ઠાકોર અને ધ્રિતિ કે બરંડા સામેલ હતાં.

અન્ડર-૧૯ વિભાગમાં શાળાની વિદ્યાર્થીનીઓએ પ્રથમ ક્રમનું વિજેતા પદ પ્રાપ્ત કર્યું હતું. આ ટીમમાં ક્રિષ્ના આર પટેલ, પ્રિયંકા આર પરમાર, જ્હાન્વી કે ગોહિલ, નિકીતા ઍમ પટેલ, યામિની ઍસ પ્રજાપતિ, સ્તુતિ ઍન શાહ તથા ફોરમ મેણાત સામેલ હતાં, જેમની પસંદગી રાજ્યકક્ષાની પસંદગી કરવામાં આવી હતી.

બંને વિજેતા ટીમની તમામ વિદ્યાર્થીનીઓને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વ્યાયામ શિક્ષિકા ઉર્વશીબેન જોષી દ્વારા તાલીમ આપવામાં આવી હતી. શાળા પરિવાર તથા આચાર્યા સુધાબેન પટેલે તમામ વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે શિક્ષકદિનની ઉજવણી ભવ્યાતિભવ્ય રીતે કરવામાં આવી હતી. ધોરણ-૧૨ના કુલ ૪૦ વિદ્યાર્થીઓએ શિક્ષકોની ભૂમિકા અદા કરી હતી, જે પૈકી નિવદ દેસાઈએ આચાર્યની ભૂમિકા ભજવી હતી અને તે કૅમ્પસની સમગ્ર શાળાઓમાંથી શ્રેષ્ઠ આચાર્યમાં નામાંકિત થયો હતો. સૌરભ વર્મા (૧૨ સાયન્સ), પાર્થ બખારિયા (૧૨ બી) અને હર્ષ ભવાની (૧૨ એ) શ્રેષ્ઠ શિક્ષક તરીકે વિજેતા જાહેર થયા હતા. આ પ્રસંગે રાષ્ટ્રપતિ ઍવોર્ડ વિજેતા ડૉ. વર્ષા ભૂપેન્દ્ર પારેખનું આચાર્ય અને શાળા પરિવારે શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. ડૉ. વર્ષા પારેખે તેમના અનુભવ વર્ણવી 'સપ્ત મહેનતનો કોઈ વિકલ્પ નથી' એવી શીખ વિદ્યાર્થીઓને આપી હતી. આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને સૌને આશીર્વાદ પાઠવ્યા હતા.

આર સી પટેલ સ્કૂલમાં વાલી સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ, સૅક્ટર-૨૩ ખાતે બૉર્ડના વિદ્યાર્થીઓ માટે વાલી મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ૭૦ જેટલા વાલીઓએ આ મિટીંગમાં હાજરી આપી હતી.

સર્વ વિદ્યાલય સંસ્થાનો પરિચય શિક્ષક સંજયભાઈ ત્રિવેદીએ આપ્યો હતો. બૉર્ડના વિદ્યાર્થીઓ માટે શાળાનું વિગતવાર આયોજન આચાર્ય વિનોદભાઈ પટેલે રજૂ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક અરવિંદભાઈ પટેલે કર્યું હતું.

આઈટીઆઈ ગાંધીનગર ખાતે ૧૮ સપ્ટેમ્બરે રોજગાર ભરતી મેળો

ગાંધીનગર, તા. ૯

આઈટીઆઈ ગાંધીનગર ખાતે ફૉર્ડ મોટર કંપની, સાણંદ પ્લાન્ટ ખાતે આઈટીઆઈ પાસ અને આઈટીઆઈની પરીક્ષા આપેલી હોય એવા તાલીમાર્થીઓ માટે નોકરીની તકો ઉપલબ્ધ કરાવવા માટેના એક પ્રયાસનું આયોજન કરવામાં આવ્યું છે.

આ માટે સંસ્થા ખાતે આગામી તા. ૧૮ સપ્ટેમ્બરના રોજ રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આઈટીઆઈ ફિટર, ટર્નર, મશીનીષ્ટ, ઈલેક્ટ્રીશિયન, ઈલેક્ટ્રોનિક્સ, ડીઝલ મિકેનીક, મોટર મિકેનીક, કોપા, ડ્રેસ મેકીંગ વગેરે ટ્રેડના તાલીમાર્થીઓ આ રોજગાર ભરતી મેળામાં ભાગ લઈ શકશે, જે માટે તેમને તારીખ ૧૮ સપ્ટેમ્બરના રોજ સવારે ૮.૩૦ કલાકે સંસ્થા ખાતે ઉપસ્થિત રહેવા આચાર્ય દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

જે બી પ્રાથમિક શાળામાં શિક્ષક દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા, સૅક્ટર-૨૩ ખાતે શિક્ષક દિવસની ઉજવણી ઉલ્લાસ-પૂર્વક કરવામાં આવી હતી.

શાળાના ૧૩૩ જેટલા વિદ્યાર્થીઓએ આ ઉજવણીમાં સક્રિય ભાગ લીધો હતો અને ઉજવણીને શાનદાર બનાવી હતી. આચાર્ય, ઉપાચાર્ય, શિક્ષક, કારકૂન અને સેવકોની ભૂમિકા પણ આ વિદ્યાર્થીઓએ એક દિવસ માટે ભજવી હતી અને શિક્ષણકાર્ય તથા શાળા સંચાલન સંભાળ્યું હતું. વિદ્યાર્થીઓએ પણ સ્વયંશિસ્ત જાળવીને સંચાલકોની ભૂમિકામાં રહેલા વિદ્યાર્થીઓને સહકાર પૂરો પાડ્યો હતો.

છેલ્લા બે તાસ દરમ્યાન એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઉજવણીમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને બિરદાવવામાં આવ્યા હતા. આચાર્યની જવાબદારી નિભાવનાર વૈભવ ઍમ પરમાર તથા શ્રેષ્ઠ શિક્ષણકાર્ય કરનારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતાં આચાર્ય નિવાબેન પટેલે તેમને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

આર સી પટેલ સ્કૂલ દ્વારા શિક્ષક દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૯

શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ ખાતે સ્વયંશિક્ષક દિનની ઉજવણી દબદબાભેર કરવામાં આવી હતી.

સઘળા પ્રવાહના વિદ્યાર્થીઓએ શિક્ષકો બનીને અલગ અલગ વિષયો ખૂબ જ રસથી વિદ્યાર્થીઓને ભણાવ્યા હતા. કુલ ૧૫૧ વિદ્યાર્થીઓએ આ ઉજવણીમાં ભાગ લીધો હતો. સેવક અને ક્લાર્ક બનેલા વિદ્યાર્થીઓએ પોતાનું કાર્ય સુંદર રીતે બજાવ્યું હતું.

કાર્યક્રમના કન્વીનર દિનેશ પટેલ, વિપુલ મેવાડા અને મહેન્દ્રભાઈના માર્ગદર્શનમાં સમગ્ર દિવસનું શિક્ષણકાર્ય વિદ્યાર્થીઓએ સંભાળ્યું હતું.

શાળા પરિવારના લોકફાળાથી શિક્ષક બનેલા વિદ્યાર્થીઓને અલ્પાહારનો આનંદ પણ આપવામાં આવ્યો હતો. ઉજવણી અંતર્ગત ધોરણ-૧૨ કૉમર્સની વિદ્યાર્થીની દૃષ્ટિ પટેલે આચાર્ય તરીકેની જવાબદારી નિભાવી હતી. વિજેતા થનારા વિદ્યાર્થીઓને શાળાના વાર્ષિકોત્સવમાં પ્રમાણપત્ર આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

આચાર્ય વિનોદભાઈએ સૌ વિદ્યાર્થીઓને આ સફળ ઉજવણી બદલ અભિનંદન પાઠવ્યા હતા.

સરસ્વતી વિદ્યાલય ખાતે શિક્ષક દિવસ ઉજવાયો

સૅક્ટર-૬ ખાતે કાર્યરત સરસ્વતી વિદ્યાલય ખાતે શિક્ષક દિવસની ઉજવણી ભાવપૂર્વક કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ એક દિવસ માટે શિક્ષક, આચાર્ય, ક્લાર્ક તેમજ પટાવાળાની ભૂમિકા ભજવીને શાળાનું સંચાલન તથા શિક્ષણકાર્ય સંભાળ્યું હતું, જેમને વિદ્યાર્થીઓ તથા શાળા પરિવારનો સહયોગ સાંપડ્યો હતો.

જિલ્લાકક્ષાની દોડની સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલયનો ઉત્કૃષ્ટ દેખાવ

અન્ડર-૧૯ વિભાગમાં વિશ્વજિત બામણ્યા અને અન્ડર-૧૭ વિભાગમાં પ્રવિણ સંગાડા પ્રથમ

ગાંધીનગર, તા. ૯

જિલ્લાકક્ષાની દોડની સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ અવ્વલ પ્રદર્શન કરી શાળાને ગૌરવ અપાવ્યું હતું.

અન્ડર-૧૯ વિભાગની ૧૫૦૦ મીટર દોડની સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થી વિશ્વજિતસિંહ કરણસિંહ બામણ્યાએ પ્રથમ ક્રમનું વિજેતાપદ મેળવ્યું હતું. એ જ રીતે અન્ડર-૧૭ વિભાગની ૪૦૦ મીટર દોડમાં પ્રવિણ દલપતભાઈ સંગાડાએ પ્રથમ ક્રમનું વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું.

બંને વિદ્યાર્થીઓની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી હતી. જેમને શાળાના ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા, નરેશભાઈ શાહ તથા આચાર્ય મનિષભાઈ ખત્રીએ સમગ્ર શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

ઍસજી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે અગ્નિશમન કામગીરીનું નિદર્શન

શિક્ષકોએ અગ્નિશમન સાધનોનો ઉપયોગ પણ કર્યો

ગાંધીનગર, તા. ૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍસ જી ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ, સૅક્ટર-૨૩ ખાતે અગ્નિશમન કામગીરીનું નિદર્શન ગાંધીનગર ફાયરબ્રિગેડ દ્વારા કરવામાં આવ્યું છે. ફાયર ઑફિસર મહેસભાઈ મોઢ, ફાયરમેન રિચાર્ડભાઈ, જગતસિંહ, મુકેશભાઈ, દિનેશભાઈ દ્વારા આ કામગીરીનું નિદર્શન વિદ્યાર્થીઓ સમક્ષ કરવામાં આવ્યું હતું તથા અગ્નિશમન અંગેનાં યંત્રો વિશે વિગતવાર માહિતી પણ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ, શિક્ષકોએ ઉત્સાહપૂર્વક આ નિદર્શન નિહાળ્યું હતું તથા જિજ્ઞાસાપૂર્વક સવાલો પણ પૂછ્યા હતા. અગ્નિશમન કર્મચારીઓના માર્ગદર્શનમાં શિક્ષકોએ અગ્નિશમન સાધનોનો ઉપયોગ પણ કર્યો હતો. શાળાનાં આચાર્યાના માર્ગદર્શન હેઠળ સમગ્ર નિદર્શન કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

બીવીઍમ ખાતે વિશેષ વ્યાખ્યાન અને ફૅકલ્ટી ડેવલપમૅન્ટ પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર, તા. ૯

બીવીઍમ ઍન્જિનીયરીંગ કૉલેજ, વલ્લભવિદ્યાનગર ખાતે વિશેષ વ્યાખ્યાન અને ફૅકલ્ટી ડેવલપમૅન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.

સીટીઈ સુરક્ષાસેતુના દિશા-નિર્દેશ અનુસાર કૉલેજ ખાતે યુવા વિદ્યાર્થીઓના પરામર્શનની આધુનિક કાર્યપ્રણાલિ અને વિધિને તેના શિક્ષક પરામર્શદાતાઓ માટે અવગત કરાવતી એક દિવસીય કાર્યશાળા સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. વિદ્યાર્થીઓના વધતા તણાવ અને નિરાશાવાદમાં તેમની સહાયતા કરવાની નવી રીતે વિશેષજ્ઞો દ્વારા રજૂ કરવામાં આવી હતી.

પૂ. જ્ઞાનવત્સલ સ્વામીએ વ્યક્તિત્વ નિર્માણ, ડૉ. થૉમસ વડાયાએ તણાવ સામે લડવાની વ્યવહારિક રીતો, જગદીશ સાસલાએ કિશોરોમાં તણાવ પ્રબંધનના કૌશલ્યો તથા ડૉ. દિપ્તી ઓઝાએ કાઉન્સેલીંગ, યુવા વિદ્યાર્થીઓનું મનોવિજ્ઞાન જેવા વિષયો ઉપર પ્રકાશ પાડ્યો હતો. ડૉ. તૃપ્તિ દેસાઈ અને ડૉ. અમિત ત્રિવેદીએ આ કાર્યશાળાના આયોજનમાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી.

કૉલેજના મહિલા વિકાસ વિભાગ દ્વારા 'મહિલા સશક્તિકરણમાં શિક્ષણની ભૂમિકા' વિષયે વિશેષ વ્યાખ્યાનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. શમશા ઈમેન્યુઅલ ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થાનાં મહિલા કર્મચારીઓ તથા વિદ્યાર્થીનીઓએ આ વ્યાખ્યાન કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન સંસ્થાના વડા ડૉ. ઍફ ઍસ ઉમરીગર તથા પ્રૉ. ડૉ. તૃપ્તિ દેસાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

મનોરંજન

સિટી પ્લસ

સ્ક્રીન-૧
વૅલકમ બૅક
૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
સ્ક્રીન-૨
વૅલકમ બૅક
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
સ્ક્રીન-૩
વૅલકમ બૅક
૨.૩૦, ૫.૩૦, ૮.૩૦
સ્ક્રીન-૪
વૅલકમ બૅક
સવારે ૧૦.૦૦
ફૅન્ટમ
૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
પાયુમ પુલી (તમિલ)
૭.૦૦
સ્ક્રીન-૫
વૅલકમ બૅક
૧૧.૦૦
ટ્રાન્સપૉર્ટર રિફ્યુઅલ્ડ (હિન્દી)
૨.૧૫, ૬.૧૫, ૧૦.૧૫
ટ્રાન્સપૉર્ટર રિફ્યુઅલ્ડ (અંગ્રેજી)
૪.૧૫, ૮.૧૫

સિનેમેક્સ

સ્ક્રીન-૧
વૅલકમ બૅક
સવારે ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
સ્ક્રીન-૨
ટ્રાન્સપૉર્ટર રિફ્યુઅલ્ડ (હિન્દી)
૯.૧૫
વૅલકમ બૅક
૧૧.૧૫, ૨.૩૦, ૪.૪૫, ૯
સ્ક્રીન-૩
ફૅન્ટમ
સવારે ૧૦.૨૦
ટ્રાન્સપૉર્ટર રિફ્યુઅલ્ડ (હિન્દી)
૧.૧૫, ૫.૩૫, ૧૧.૦૦
હિટમૅન (અંગ્રેજી)
૩.૨૫
વૅલકમ બૅક
૭.૪૫
સ્ક્રીન-૪
વૅલકમ બૅક
સવારે ૧૦.૧૫
ફૅન્ટમ
૧.૩૦, ૪.૨૫, ૯.૩૦
હિટમૅન (અંગ્રેજી)
૭.૨૦

સિદ્ધાર્થ લૉ કૉલેજ ખાતે અનરિપોર્ટીંગ બેઠક પર પ્રવેશ

ગાંધીનગર, તા. ૯

સિદ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગર ખાતે બે અનરિપોર્ટીંગ બેઠક પર પ્રવેશ આપવાનો બાકી છે, જેમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓને નિયત ફૉર્મ ભરી જવા સૂચના આપવામાં આવી છે.

કૉલેજના પ્રિન્સીપાલે આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગુજરાત યુનિવર્સિટીના નિયમો અનુસાર નવું મૅરીટ તૈયાર કરવામાં આવશે, જે માટે તા. ૧૦ સપ્ટેમ્બર સુધીમાં નવાં ફૉર્મ વિદ્યાર્થીઓ ભરી શકશે. મૅરીટ તા. ૧૨ સપ્ટેમ્બરના રોજ જાહેર કરવામાં આવશે તથા પસંદ થનારા વિદ્યાર્થીઓએ ફી તા. ૧૪ સપ્ટેમ્બર સુધી ભરવાની રહેશે.

દોષરહિત પાઠ્યપુસ્તકો ક્યારે ?

પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં રાખેલી કાળજી એક પેઢીને દોષરહિત શિક્ષણ આપે છે એ વાતનો સૌએ ખ્યાલ રાખવો જોઈએ

શાળાકીય અભ્યાસથી માંડીને ઉચ્ચશિક્ષણ સુધી કેટલાક વિષયોમાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં આવે છે. દેશની મોટાભાગની ઓપન યુનિવર્સિટીઝનાં પાઠ્યપુસ્તકો જે તે યુનિવર્સિટીએ નિયુક્ત કરેલા તજ્જ્ઞો દ્વારા તૈયાર કરવામાં આવે છે. ગુજરાતની જેમ અન્ય રાજ્યોમાં પણ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં આવે છે અને એ માટે અલગ પાઠ્યપુસ્તક મંડળની રચના કરવામાં આવે છે. આ પાઠ્યપુસ્તક મંડળ જે તે વિષયમાં તજ્જ્ઞોની નિયુક્તિ કરીને પરામર્શકોના માર્ગદર્શન હેઠળ પાઠ્યપુસ્તકો તૈયાર કરે છે અને શાળાઓમાં એ પાઠ્યપુસ્તકો મુજબ શિક્ષણ આપવામાં આવે છે. હવે, છેલ્લા થોડા સમયથી ગુજરાતમાં અને રાષ્ટ્રીય સ્તરે પણ આ પાઠ્યપુસ્તકોમાં રહેલી બેદરકારી વિશે ઉહાપોહ થઈ રહ્યો છે.

પાઠ્યપુસ્તકો શાળાકીય શિક્ષણના પાયાની બાબત છે. એમાં જો દોષો રહી જાય તો આખરે ભોગવવાનું વિદ્યાર્થીઓને આવે છે. કારણ કે ખોટી માહિતી અને ખોટી વિગતો એના સુધી પહોંચે છે. હવે, પાઠ્યપુસ્તકમાં જે વિગતો પ્રગટ થઈ હોય એને જ વિદ્યાર્થી સાચી માનવાનો છે. ખોટી વિગત પ્રગટ થઈ હોય પણ એ પાઠ્યપુસ્તકમાં પ્રગટ થઈ છે એટલે વિદ્યાર્થી માટે તો એ વિગત જ સાચી હોવાની ! પાઠ્યપુસ્તક એ વિદ્યાર્થી માટે જે તે વિષયની ગીતા



સમાન છે. એટલે એ તો પાઠ્યપુસ્તકને જ વળગી રહેવાનો. સરવાળે કેટલાયે વિદ્યાર્થીઓ સુધી વિગત દોષ પહોંચે છે અને કેટલાયે વિદ્યાર્થીઓ એને જ સાચું માનીને આગળ વધે છે.

રાષ્ટ્રીય સ્તરના પાઠ્યપુસ્તકોમાં રહેલી અસંખ્ય ભૂલો ઘણા બધા વિદ્યાર્થીઓ સુધી પહોંચે છે. હવે, પરવેઝ મુશર્રફને 'મહાપુરૂષ' તરીકે ચીતરવામાં આવે તો ભારતની શાળામાં અભ્યાસ કરતી પેઢી શું શીખવાની ? એ તો ગાંધીજી અને પરવેઝ મુશર્રફને એકસમાન જ ગણવાની ને ? આમાં સૌથી કથળેલી સ્થિતિ ભાષાનાં પાઠ્યપુસ્તકોની હોય છે. શાળાકીય અભ્યાસથી જ વિદ્યાર્થીનો લગાવ ભાષા પ્રત્યે જાગે એવું વાતાવરણ ઊભું કરવાને બદલે એ ભાષા પ્રત્યે સૂગ કેળવતો થઈ જાય એવી સ્થિતિ હોય છે. એમાં વિગતદોષવાળાં પાઠ્યપુસ્તકો એને માથે મારવામાં આવે ત્યારે ભાષાની સ્થિતિ વધારે કફોડી બનતી હોય છે. અસંખ્ય જોડણીદોષો, મુદ્રણદોષો સહિતનાં પાઠ્યપુસ્તકો બજારમાં આવે છે ત્યારે ઉહાપોહ થાય એ સ્વાભાવિક છે. ઉહાપોહ થાય એટલે બજારમાંથી પાઠ્યપુસ્તકો પાછાં ખેંચવામાં આવે છે અને નવાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં અથવા તો ભૂલો સુધારવામાં સમય જતો હોય છે. એ સમય દરમિયાન વિદ્યાર્થી પાઠ્યપુસ્તકથી વંચિત રહેતો હોય છે અને એનો સમય વ્યર્થ જતો હોય છે. શાળાકીય અભ્યાસ શરૂ થાય એ સાથે જ બજારમાં નવાં પાઠ્યપુસ્તકો દોષરહિત ઉપલબ્ધ હોવાં જોઈએ. પણ એવું જોવા મળતું નથી. શાળાકીય શિક્ષણ શરૂ થઈ ગયાના લાંબા સમય બાદ બજારમાં પાઠ્યપુસ્તકો મળે છે અને એમાં પણ જો દોષો રહી ગયા હોય તો પછી પૂછવાનું જ શું ?

પાઠ્યપુસ્તક તૈયાર કરવા પાછળ જે કાળજી લેવાવી જોઈએ એ લેવાતી નથી. રાજ્યસ્તરથી માંડીને રાષ્ટ્રીય સ્તર સુધી આ સંદર્ભે વ્યાપક ફરિયાદ જોવા મળે છે. શાળાકીય શિક્ષણથી માંડીને રાષ્ટ્રીયસ્તર સુધી આ સ્થિતિ પ્રવર્તમાન છે. યુનિવર્સિટીઝ હવે ભાગ્યે જ પાઠ્યપુસ્તક નિયત કરે છે. એ તો અભ્યાસક્રમ દાખલ કરીને સંતોષ માને છે. યુનિવર્સિટીમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીને પાઠ્યપુસ્તક સાથે બહુ લેવાદેવા હોતી નથી. એને અભ્યાસક્રમ સાથે પણ વધુ લેવાદેવા હોતી નથી. એને તો પરીક્ષા નામનું ભૂત સવાર થાય ત્યારે ગાઈડના સહારે એ ભૂતને અતિક્રમી જવાની કોશિષ કરતો હોય છે.

ઓપન યુનિવર્સિટીમાં પણ પાઠ્યપુસ્તકો તૈયાર કરાવવામાં આવે છે. ઈન્દિરા ગાંધી નૅશનલ ઓપન યુનિવર્સિટી એ બાબતે પાયાનું કામ કરે છે અને રાજ્યની ઓપન યુનિવર્સિટીઝ મોટેભાગે એનો આધાર લઈને આગળ વધતી હોય છે. પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં રાખેલી કાળજી એક પેઢીને દોષરહિત શિક્ષણ આપે છે એ વાતનો સૌએ ખ્યાલ રાખવો જોઈએ.

ગાંધીનગર વ્યાવસાયિક ફોટોગ્રાફર્સ ગૃપની વાર્ષિક સામાન્ય સભા મળી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર વ્યાવસાયિક ફોટોગ્રાફર્સ ગૃપની વાર્ષિક સામાન્ય સભા ગાંધીનગર ખાતે મળી હતી.

જેમાં નિલેશ પુજારા દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫ના આવકજાવકના હિસાબો ઉપસ્થિત સભ્યો સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા, સૌ સભ્યોએ તે માન્ય રાખ્યા હતા. ત્યારબાદ કારોબારીની રચના કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો પરંતુ ગૃપના સૌ સભ્યો દ્વારા કોઈપણ હોદ્દો કોઈપણ વ્યક્તિને આપવાની બાબતનો ઈનકાર કરીને સૌના સહકારથી જ સંસ્થાને આગળ ધપાવવાની વાત પર સંમતિ સાધવામાં આવી હતી. રાકેશ ભટ્ટ, શેખર ગદાણી, હિરેન રાવલ, અનંતભાઈ ભાવસાર, વિપુલ પટેલ, અરવિંદસિંહ બિહોલા, હર્ષ પટેલ, નિમેશ સોની, પરેશ જણસારી, ગ્રેહામ પ્રવાસી, વિમલ વાઘેલા દ્વારા આ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો, જેને સૌ સભ્યોએ વધાવી લીધો હતો.

ત્યારબાદ સંસ્થાના આગામી કાર્યક્રમોની ભૂમિકા અને તે અંગે સભ્યોની જવાબદારી નિયત કરવામાં આવી હતી.